# એમ.એ.સી.એમ.એ.નંબર : ૫૦/૨૦૨૬ ના આંક : ૧ લગત હુકમ

અરજદાર તર્ફે વિ.વ.શ્રી એમ.એન.નાયકને સાંભળ્યા. અરજી વંચાણે લીધી. અરજદારની અરજી જોતા સદર કામે અરજદારે **એમ.એ.સી.પી.નં. ૧૪૬૧/૨૦૧૨** થી દાખલ કરતા સદરહુ કેસ **તા. ૧૯/૦૭/૨૦૧૬** ના રોજ ફેસલ થતા નામ.ટ્રીબ્યુનલના હુકમ મુજબ **એમ.એ.સી.પી. નંબર ૧૪૬૧/૨૦૧૨** ના સામાવાળાએ રકમ જમા કરાવેલ. જે રકમ અરજદારે અગાઉ પરચુરણ એમ.એ.સી.પી.નં.૪૧/૧૭ દાખલ કરીને ઉપાડી લીધેલ. ત્યારબાદ સદર કામના સામાવાળાએ નામદાર ગુજરાત હાઈકોર્ટમા અપીલ કરેલ જેનો **આર/ફર્સ્ટ અપીલ નંબર–૨૬૭૬/૨૦૧૬** પડેલ અને સદર અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફેસલ થઈ જતા નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ **એકાઉન્ટ પે ચેકથી રકમ ચુકવી આપવાની થાય છે.**વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના **ORAL ORDER** ના પેરા " R & P, if any , to be sent back to the concerned Court immediately.The entire award amount be disbursed and released in favour of claimant/s after due verification by transferring said amount/s to the account/s of claimant/s by RTGS or NEFT."મુજબ જમા રકમ અરજદારને ચુકવી આપવી તેવો સ્પષ્ટ આદેશ કરેલ છે તે સંજોગોમાં કોઈ પણ રકમ ફીકસ ડીપોઝીટ કરવાની રહેતી નથી અને આમ જમા રકમ અરજદારને ચુકવી આપવાની થાય છે. તેથી સદરહું અરજી મંજુર કરતો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## હુકમ

- અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.
- વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, **એમ.એ.સી.પી.નં. ૧૪૬૧/૨૦૧૨** થી દાખલ થઈ ફેસલ થતા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજદારે અપીલ કરેલ જેનો **આર/ફર્સ્ટ અપીલ નંબર ૨૬૭૬/૨૦૧૬** તે હુકમ મુજબ જમા થયેલ રકમ **રૂ.૪,૮૬,૯૦૦/–** માંથી કોર્ટ ફી સ્ટેમ્પની રકમ જો કાપવા પાત્ર હોય તો કોર્ટ ફી સ્ટેમ્પ ની રકમ બાદ કરી બાકી રહેતી રકમ ચુકવી આપવી.
- હુકમ આજરોજ તા. ૨૪ મી, માહે માર્ચ, ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

**(નાસીર સૈયદઉલ્લાહ સિદૃીકી)**
એમ.એ.સી.ટી. (સહાયક)
એડી. ડીસ્ટ્રીકટ જજ, વિસનગર
જિ. મહેસાણા, કોડ નંબર : જીજે૦૦૬૫૦